# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૬/12197 તા.૦૫/૦૯/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત. જિ. સુરત

**વિષય:-** રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ કાર્યક્રમમાં ભાગ લેવા બાબત.

**સંદર્ભ:-** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતના પત્ર ક્રમાંક: ડાયેટ સુરત/બી.વી.પી./૨૦૨૬/૧૨૬૨૩-૧૨૮૧૦ તા.૦૩/૦૯/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શાળાના રસ ધરાવતા વિદ્યાર્થીઓએ માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ નિર્ધારિત વિષય પર પ્રોજેક્ટ તૈયાર કરીને કાર્યક્રમમાં ભાગ લેવા માટે પોતાના નામ નોંધાવવાના છે. તમામ વિષય શિક્ષકોને સૂચના આપવામાં આવે છે કે તેઓ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે તે માટે શાળાઓને અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત. જિ. સુરત

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે, જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023

Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org


જા. ક્રમાંક: ડાયેટ સુરત/બી.વી.પી./2026/12623-12810

તારીખ : 03/09/2026

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત શહેર/ગ્રામ્ય,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત,
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, SMC, સુરત
SVS કન્વીનર તમામ, જિલ્લો-સુરત,
TPEOશ્રી તમામ, જિલ્લો-સુરત,
BRC/URC કોઓર્ડીનેટરશ્રી તમામ, જિલ્લો-સુરત,
સી.આર.સી કો.ઓર્ડીનેટરશ્રી તમામ, જિલ્લો સુરત.
પ્રમુખશ્રી, પ્રાથમિક શિક્ષક સંઘ, જિલ્લો-સુરત,
પ્રમુખશ્રી, પ્રાથમિક શૈક્ષિક સંઘ, જિલ્લો-સુરત,
પ્રમુખશ્રી, નગર પ્રાથમિક શિક્ષક સંઘ, સુરત શહેર,
પ્રમુખશ્રી, નગર પ્રાથમિક શૈક્ષિક સંઘ, સુરત શહેર,
પ્રમુખશ્રી, માધ્યમિક શિક્ષક સંઘ, જિલ્લો-સુરત,
પ્રમુખશ્રી, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ, જિલ્લો-સુરત
પ્રમુખશ્રી, માધ્યમિક આચાર્ય સંઘ, જિલ્લો-સુરત,
પ્રમુખશ્રી, ઉચ્ચત્તર માધ્યમિક આચાર્ય સંઘ, જિલ્લો-સુરત
પ્રમુખશ્રી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, જિલ્લો-સુરત
આચાર્યશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ સુરત જિલ્લો.

તા : **2 /9 /2026** નાં રોજની ડાયેટ સુરત ખાતેની બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન/વિજ્ઞાન પ્રદર્શન 2026 નાં આયોજન બેઠકની મિનીટ્સ.

ડાયેટ સુરતનાં પ્રાચાર્ય, ડીઈઓ-સુરત, ડી પી ઈ ઓ સુરત, શાસનાધિકારી-સુરતના અધ્યક્ષતામાં તમામ એસ વી એસ કન્વીનર, તમામ યુ.આર.સી. /બી આર સી  કો ઓર્ડી.નેટર, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિવિધ શિક્ષક સંઘનાં પ્રમુખ અને ડાયેટ સુરતના લેકચરર સાથેની વિજ્ઞાન પ્રદર્શન 2026-27ના આયોજન માટેની બેઠકમાં ચર્ચાને અંતે લેવાયેલ નિર્ણય નીચે મુજબ છે.

1) વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન 2026નાં મુખ્ય અને પેટા વિષયોની સમજ આપવામાં આવી.
વર્ષ 2026-2027 નાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન માટેનો મુખ્ય વિષય અને પેટા વિભાગો નીચે મુજબ છે.

Theme : Science, Technology, and Innovation for a Sustainable and Viksit Bharat
મુખ્ય વિષય ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન

Subtheme / પેટા વિષય :
1. (A) Artificial Intelligence (AI) for Better Life [બહેતર જીવન માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)]
   (B) Mathematical Modelling and Computational Thinking [મેથેમેટિકલ મોડેલિંગ અને કમ્પ્યૂટેશનલ થિંકિંગ]
2. Green Energy & Environmental Conservation [હરિત ઊર્જા અને પર્યાવરણ સંરક્ષણ]
3. Health, Hygiene, and Sanitation [આરોગ્ય અને સ્વચ્છતા]
4. (A) Indigenous Agricultural Practices [સ્વદેશી કૃષિ પદ્ધતિઓ]
   (B) Science for Rural Transformation [ગ્રામીણ રૂપાંતરણ માટે વિકાસ]
5. Disaster Management [આપત્તિ વ્યવસ્થાપન]

One – Day Seminar Topic [એક દિવસીય સેમિનારનો વિષય]
: 1. STEM for Climate Action [આબોહવાલક્ષી કાર્યો માટે STEM]
2. Non-Communicable Diseases: Causes and Preventive Measures [બિનચેપી રોગો: કારણો અને નિવારક પગલાં]

2) એસ વી એસ કન્વીનર, યુ.આર.સી. /બી આર સી કો ઓર્ડી.નેટરશ્રીએ,
- આ પ્રદર્શન વિષયનો પત્ર/માર્ગદર્શિકા અને કૃતિ રજીસ્ટ્રેશન માટેનું પત્રક- A જે તે સંકુલ/તાલુકાની તમામ પ્રકારની શાળાને મોકલવાનું રહેશે. ( જેથી દરેક શાળાઓ પ્રદર્શનમાં ભાગ લઈ શકે.)
- પ્રદર્શન વિષયનો પત્ર/ માર્ગદર્શિકા આપ્યા તથા પ્રદર્શનની જાણ કર્યાની વિગત જેતે એસ.વી.એસ. કન્વીનર, યુ.આર.સી. /બી આર સી કો ઓર્ડી.નેટરશ્રીએ પોતાની પાસે રાખવાની રહેશે.
- પ્રદર્શનની તારીખ, સ્થળ તમામ શાળાને જણાવવાનું રહેશે અને નિયત સમયમાં કૃતિની વિગત (રજીસ્ટ્રેશન) મંગાવી લેવાની રહેશે.

3) દરેક શાળા પ્રદર્શનના 5 વિભાગ પૈકી ગમે તેટલા વિભાગમાં ભાગ લઈ શકશે.

4) ખાનગી શાળોઓ પણ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે.

5) સી.આર.સી. અને બ્લોક કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં બી આર સી કો-ઓર્ડીશ્રીએ તાલુકા તા.પ્રાથમિક શિક્ષણાધિકારી, બીટ નિરિક્ષકશ્રી સાથે સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે.

6) વિવિધ કક્ષાના પ્રદર્શનમાં મળવા પાત્ર ગ્રાન્ટ બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

7) CRCનાં પ્રદર્શન માટે ગ્રાંટ દરેક CRC કો ઓર્ડી.નાં ખાતામાં, BRCનાં પ્રદર્શન માટે ગ્રાંટ BRC કો ઓર્ડી.નાં ખાતામાં, SVS પ્રદર્શન માટે જે તે યજમાન શાળાના ખાતામાં/ એસ.વી.એસ કન્વીનરના ખાતામાં ઓન લાઈન જમા કરાવવામાં આવશે.

8) પ્રાથમિક શાળાના પ્રદર્શનમાં સી આર સી કક્ષાએ સેલ્ફ ફાઈનાન્સ શાળા પાસેથી કૃતિ દીઠ રજીસ્ટ્રેશન ફી રૂ.500/- (જેમાં એક કૃતિ આવી જાય) તથા અન્ય વધારાની દરેક કૃતિ દીઠ રૂ. 300/- લેવાના રહેશે.

9) માધ્યમિક શાળા કક્ષાના પ્રદર્શનમાં માધ્યમિક – ઉમા શાળા પાસેથી એન્ટ્રી ફી રૂ.800/ જેમાં એક કૃતિ મૂકી શકે, તથા દરેક વધારાની કૃતિ દીઠ રૂ. 300/ લેવાના રહેશે, આમ આ મુજબ ફી લેનાનું સર્વાનુંમતે નક્કી થયું.

10) સદર ફી લેવા બદલ પ્રદર્શન કન્વીનરે ફી આપનાર શાળાને ફી લેવા બદલની રસીદ આપવાની રહેશે. આ તમામ ફીનો ઉપયોગ પ્રદર્શન આયોજનમાં કરવાનો રહેશે.

- આ ફીના ખર્ચનો હિસાબ-ખર્ચના વાઉચર પ્રદર્શન કન્વીનરશ્રી અને svs કન્વીનર/યુ.આર.સી. /બી.આર.સી કો-ઓર્ડીનેટરશ્રીએ રાખવાનાં રહેશે, ડાયેટને આ ફી ખર્ચના વાઉચર આપવા નહી.
- ડાયેટ તરફથી મળેલ ગ્રાન્ટનો જ હિસાબ-ખર્ચ વાઉચર ડાયેટમાં જમા કરાવવાનાં રહેશે.

11) પ્રદર્શનની કક્ષા:

- પ્રાથમિક શાળામાં સી આર સી કક્ષાની વિભાગ દીઠ શ્રેષ્ઠ કૃતિ યુ.આર.સી. /બી આર સી કક્ષામાં અને યુ.આર.સી. /બી આર સી કક્ષાની વિભાગ દીઠ શ્રેષ્ઠ કૃતિ જીલ્લા કક્ષાના (પ્રાથમિક શાળાઓના) પ્રદર્શનમાં જશે. તથા માધ્યમિક,ઉમા શાળા કક્ષાના પ્રદર્શનમાં એસ વી એસ કક્ષાની વિભાગ દીઠ શ્રેષ્ઠ કૃતિ માધ્યમિક, ઉમા શાળાના જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં જશે.
- દરેક યુ આર સી ને એક તાલુકો ગણી દરેક યુ આર સી.માં તાલુકા કક્ષા મુજબ પ્રદર્શન યોજવાના રહેશે. આ યુ આર સી ક્ક્ષા પ્રદર્શનની વિભાગ દીઠ શ્રેષ્ઠ કૃતિ જીલ્લા કક્ષાના (પ્રાથમિક શાળાઓના) પ્રદર્શનમાં જશે.
  <u>દરેક કક્ષાએ પ્રદર્શનનાં દરેક પેટા વિભાગ દીઠ 1 શ્રેષ્ઠ કૃતિ લેખે વધુમાં વધુ 5 શ્રેષ્ઠ કૃતિ ઉપલી કક્ષાના પ્રદર્શનમાં જશે.</u>
- માધ્યમિક શાળા પ્રદર્શનમાં (SVS કક્ષાએથી ) માધ્યમિક શાળા + ઉચ્ચતર માધ્યમિક શાળા થઇને (દરેક વિભાગ દીઠ એક શ્રેષ્ઠ) કુલ 5 શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં મોકલવાની રહેશે.

12) પ્રદર્શન તારીખ સ્થળ- નિર્ણાયક:

- <u>પ્રદર્શન તારીખ:</u>

- <u>સી આર સી કક્ષાનાનું એક દિવસનું પ્રદર્શન</u> 23/9/26 સુધીમાં પૂર્ણ કરવા ,
  <u>યુ.આર.સી./બી આર સી કક્ષાનું 2 દિવસનું પ્રદર્શન</u> 30/9/26 સુધીમાં પૂર્ણ કરવા, બંને કક્ષાના પ્રદર્શન તારીખ અને સ્થળ <u>યુ.આર.સી.</u>/બી આર સી કો.ઓર્ડીનેટરશ્રીએ તાલુકામાં સંકલનથી નક્કી કરી ડાયેટને સત્વરે જાણ કરવાની રહેશે. ( તાલુકા કક્ષાએ પ્રથમ દિવસે કૃતિ ગોઠવણી અને ઉદ્ઘાટન કાર્યક્રમ અને બીજા દિવસે નિર્ણાયક કામગીરી )
- <u>એસ વી એસ કક્ષાના પ્રદર્શન ( 2 દિવસના પ્રદર્શન)</u> ,
  તા 22/9/26ના રોજ એસ.વી.એસ.ક્રમ- 1 અને 5 માં,
  તા 23/9/26ના રોજ એસ.વી.એસ.ક્રમ- 2 અને 6 માં,

તા 24/9/26ના રોજ એસ.વી.એસ.ક્રમ- 3 અને 7 માં અને

તા 25/9/26ના રોજ એસ.વી.એસ.ક્રમ- 4, 8 અને 9 માં અને

સુરત ગ્રામ્ય

તા 22/9/26ના રોજ એસ.વી.એસ.ક્રમ- 10 અને 13 માં અને

તા 23/9/26ના રોજ એસ.વી.એસ.ક્રમ- 11 અને 14માં

તા 24/9/26ના રોજ સંકુલ 12 માં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજવાના રહેશે.

( નિર્ણાયક એક SVSમાંથી બીજા SVSમાં મોકલવા તકલીફ ન પડે એ હેતુથી એસ.વી.એસ કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્સની તારીખ અલગ અલગ રાખવામાં આવેલ છે. હવે ઉપરનાં કાર્યક્રમ મુજબ પ્રદર્શન યોજવાના રહેશે. ) યજમાન શાળાના આચાર્ય પ્રદર્શન કન્વીનર રહેશે. એસ.વી.એસ. કન્વીનર અને યજમાન શાળાના આચાર્યશ્રીએ સંકલનમાં રહી પ્રદર્શન યોજવાનું રહેશે.

- જિલ્લા કક્ષા પ્રદર્શન ડાયેટ સુરત ખાતે તા 5 થી 7 ઓકટોબર 2026 દરમ્યાન ડાયેટ દ્વારા યોજવામાં આવશે.
- દરેક કક્ષાના પ્રદર્શનમાં પરિણામ ડાયેટના આપેલ શ્રેષ્ટ કૃતિ પત્રકમાં તૈયાર કરી સબંધિત કન્વિનરની સહી સાથે તે જ દિવસે તૈયાર કરવાનું રહેશે.
- દરેક કક્ષાના પ્રદર્શનમાં પૂર્ણાહુતિ કાર્યક્રમ રાખવો નહી, પરિણામની જાણ પ્રદર્શન પૂર્ણ થયાના દિવસે રાત્રે અથવા બીજા દિવસે કરવાની રહેશે..
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી રહેશે.

- પ્રદર્શન સ્થળ:

- આજ રોજ જેમણે સી.આર સી કક્ષા યુ.આર.સી. /બી આર સી કક્ષા અને એસ વી એસ કક્ષાનાં પ્રદર્શન સ્થળની માહિતી આજ રોજ આપેલ નથી તેમણે પ્રદર્શન સ્થળની જાણ ડાયેટ સુરતને તા: 12/9/26 સુધીમાં ઈમેઇલથી (dietsurat@gmail.com) કરવાની રહેશે.
- તારીખ- સ્થળમાં ફેરફાર પોતાની રીતે કરવો નહી, ડાયેટ સાથે ચર્ચા કરવાની રહેશે.

- નિર્ણાયક પસંદગી:

- યુ.આર.સી./બી.આર સી કો ઓર્ડી.શ્રીએ સી આર સી કક્ષા અને યુ.આર.સી./બી આર સી કક્ષાના પ્રદર્શનનાં સ્થળ અને નિર્ણાયક તા.પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી,શિક્ષણ નિરિક્ષકશ્રી સાથે સંકલનમાં રહી નક્કી કરવાના રહેશે. તથા અન્ય તમામ બાબતે શિક્ષણ નિરિક્ષકશ્રી/ તા. પ્રા. શિક્ષણાધિકારીશ્રી /શાસનાધિકારીશ્રી સાથે સંકલનમાં રહેવાનું રહેશે.
- એસ વી એસ કક્ષાના પ્રદર્શનમાં શિક્ષણ નિરિક્ષકશ્રી /એસ વી એસ કન્વીનરશ્રી અને યજમાન શાળાના આચાર્યશ્રીએ સંકલનમાં રહી પ્રદર્શનનાં નિર્ણાયક નક્કી કરવાના રહેશે.

- નિર્ણાયક તરીકે:

- કન્વીનરશ્રીએ તમામ કક્ષાના પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે સાયન્સ વિષયના શિક્ષક/અધ્યાપકને બોલાવવા. નિર્ણાયક કામગીરી પૂર્વે તમામ નિર્ણાયક સાથે બેઠક યોજી શ્રેષ્ઠ કૃતિ પસંદગીમાં તટસ્થતા જાળવવી, વિભાગ મુજબ પસંદગી, પરિણામ ગોપનીયતા જાળવવા ચર્ચા કરવી.
- એસ વી એસ કક્ષાના પ્રદર્શનમાં નીચે મુજબના કાર્યક્રમ મુજબ નિર્ણાયક લેવાનાં/માંગવાના રહેશે.

- આમંત્રણ પત્રિકા અને સ્ટેજ કાર્યક્રમમાં પદાધિકારીશ્રી, અધિકારીશ્રીના હોદ્દા અને પ્રોટોકોલ જાળવવાનો રહેશે.
- એક કૃતિ દીઠ-4 સર્ટીફીકેટ આપવાના થાય: 1- શાળાનું, 1-માર્ગદર્શક શિક્ષકનું, 2- સ્પર્ધક વિદ્યાર્થીઓના.
- સર્ટીફીકેટમાં તમામ વિગત લખીને તથા સહી કરી ને જ આપવાનાં રહેશે. સર્ટીફીકેટ પર ક્રમ લખવો હિતાવહ ભર્યું રહેશે.

14) તમામ કક્ષાએ અહીથી આપેલ A થી H સુધીના પત્રકો નિભાવવાના રહેશે. પ્રદર્શન પૂર્ણ થયે બીજા દિવસે શ્રેષ્ઠ કૃતિ પત્રક ઉપલી કક્ષાના પ્રદર્શન સ્થળે અને ડાયેટમાં અને સંગૃહિત માહિતી પત્રક ડાયેટમાં બિનચૂક મોકલી આપવાનું રહેશે.

15) ખર્ચની ફાઈલ પ્રદર્શન પૂર્ણ થયે 10 દિવસમાં ડાયેટમાં જમા કરાવવી. રૂ.1000/ની ઉપરના બિલ માટે સરકારી નિયમ મુજબ ખર્ચ કરવાનો રહેશે. સરકારી નિયમ આધીન કરેલ નિયત પ્રક્રિયાની વિગત ખર્ચ ફાઈલ સાથે જમા કરાવવાની રહેશે. તમામ ઓરીજિનલ બિલ પર કન્વીનરશ્રીએ સહી કરવી. બી.આર.સી, એસ.વી.એસ. અને જીલ્લા કક્ષાની ખર્ચ ફાઈલ ડાયેટમાં જમાં કરાવવાની રહેશે. સી આર સી કક્ષાનું યુટીલાઈઝેશન સર્ટીફીકેટ અને ખર્ચ વિવરણ આપવાનું રહેશે અને જો કોઈ બીલની રકમ 1000/- કરતા વધુ હોય તો તે બીલની ફોટોકોપી સામેલ રાખવાની રહેશે., ખર્ચ ફાઈલ સી આર સી કક્ષાએ નિભાવી રાખવાની રહેશે.

**ઈન્સ્પાયર એવોર્ડ 2026 27:**

1) ઈન્સ્પાયર એવોર્ડ 2026માં અત્યાર સુધીમાં સુરત જીલ્લામાંથી ખૂબ ઓછી શાળાઓમાંથી આઈડીયા નોમિનેશન થયેલ છે. સુરત જીલ્લામાંથી હાઈસ્કુલ વિભાગનું ભાગ લેવાનું પ્રમાણ ઓછું છે. દરેક સંકુલ કન્વીનરશ્રી અને યુ/બી આર સી કો ઓર્ડી.શ્રીએ દરેક શાળાના આચાર્યશ્રીને ઈન્સ્પાયર એવોર્ડ 2026માં ઈનોવેટીવ પ્રોજેક્ટ નોમિનેશન કરવા જાણ કરે અને ફોલઅપ લેવા જણાવામાં આવેલ છે. દરેક શાળાને મહત્તમ 5 આઈડિયા મૂકવા જણાવવામાં આવેલ છે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત